ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43
& 26300126
Telegrams : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી

# GUJARAT UNIVERSITY

( NAAC Accredited B ++ )
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010 NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

**પરીક્ષા નં./૪-અ/ ૧૦૫૨૫ /૨૦૧૮** **તા. ૦૬-૧૨-૨૦૧૮**

**પરિપત્ર નં. : ૧૪૪ (Revised)**

આથી ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન તમામ વિદ્યાશાખાના આચાર્યશ્રીઓ/વિભાગના અધ્યક્ષશ્રીઓ તેમજ માન્ય સંસ્થાના ડાયરેકટરશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી પરીક્ષા કેન્દ્રના દર/મહેનતાણા બાબતે માન. કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિમાં પ્રો. જશવંત ઠક્કરના અધ્યક્ષસ્થાને તા. ૧૫-૨-૨૦૧૮ના રોજ મળેલ સભામાં નીચે મુજબની ભલામણો એક્ઝિક્યુટિવ કાઉન્સીલની તા. ૧૩-૬-૨૦૧૮ની સભાનાં ઠરાવ ક્રમાંક (૦૩)થી મંજુર કરેલ છે.

ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો ખાતે લેવાતી ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ માટે કેન્દ્ર સંચાલન ખર્ચ વિદ્યાર્થી દીઠ/પેપર દીઠ નીચે દર્શાવ્યા મુજબ ચુકવવાના રહેશે.

૧. જે તે દિવસની પરીક્ષા માટે વિદ્યાર્થી દીઠ/પેપર દીઠ ખર્ચ પેટે રૂ. ૧૫/- ચૂકવવામાં આવશે. આ સિવાય કોઈ ખર્ચ પરીક્ષા સંચાલન નિમિત્તે યુનિવર્સિટી તરફથી ચૂકવવામાં આવશે નહીં. જે પરીક્ષાઓમાં ઓફર લીસ્ટ ઉપલબ્ધ નહીં હોય તેવી પરીક્ષાઓ માટે જે તે સેન્ટર ઉપર ફાળવેલ બેઠક વ્યવસ્થા મુજબ વિદ્યાર્થીની સંખ્યાની ગણતરી કરી સીનીયર સુપરવાઈઝર/આચાર્યશ્રીએ તે અંગેની દરખાસ્ત મોકલી આપવાની રહેશે, તથા સાથે સામેલ બાંયધરી પત્રક ભરી A/c વિભાગને મોકલવાનું રહેશે.

૨. જે તે પરીક્ષા કેન્દ્ર માટે આ રકમની ગણતરી તે કેન્દ્ર પર ઓફર લીસ્ટ મુજબ ફાળવવામાં આવેલ વિદ્યાર્થી સંખ્યાને આધારે કરવામાં આવશે.

૩. બે, ત્રણ કે ચાર કલાકની પરીક્ષા માટે વિદ્યાર્થીઓની ગણતરી માટે જે તે દિવસે જે તે સેન્ટર પર ઓફર થયા હોય તે મુજબના વિદ્યાર્થીઓ ગણતરીમાં લેવાં.

૪. ૧૦૦ વિદ્યાર્થીઓ સુધી લઘુત્તમ રૂ. ૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પૂરા) સેશન દીઠ સેન્ટરને ચૂકવવામાં આવશે.

૫. પરીક્ષા કાર્ય માટે રોકવામાં આવેલ સ્ટાફને કોલેજોએ યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમ મુજબ યુનિવર્સિટીના દર મુજબ મહેનતાણું ચૂકવવાનું રહેશે. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ પરીક્ષા માટે નિયત કરેલ સ્ટાફ રોકવાનો રહેશે અને આ સ્ટાફને વધુમાં સદરહુ બાબતે કોઈ કોલેજની ફરિયાદ થયે આ રકમ નિયમાનુસાર કાપી લેવામાં આવશે.

૬. સદરહુ નિયમો ત્રણ વર્ષ માટે લાગુ રહેશે. ત્યારબાદ માન. કુલપતિશ્રીને જરૂર જણાય તો પુનઃરીવાઈઝ કરી શકશે.

૭. દરેક પરીક્ષા સંચાલન કરતી કોલેજો નીચે મુજબનું બાંહેધરી પત્ર અચૂક પણે યુનિવર્સિટીને આપવાનું રહેશે. ઓફર લિસ્ટ ઉપરથી વિદ્યાર્થીની સંખ્યા મુજબની દરખાસ્ત સાથે બાંહેધરી પત્રક કોલેજ તરફથી મળ્યા બાદ રકમની ચૂકવણી કરવામાં આવશે.

*[P.T.O.*

૮. તા. ૪-૧૦-૨૦૧૭ના રોજ કરેલ પરિપત્ર નં. ૨૩૯(૧૯૯-Re-Revised)માં થિયરી પરીક્ષા માટે સ્ટાફના મહેનતાણાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી નીચે મુજબ રહેશે.

| | Description | New Rate |
|---|---|---|
| (૧) | Sr. Supervisor | Rs. ૨૫૦/- |
| (૨) | Factotum | Rs. ૧.૦૦/- |
| (૩) | Stationery Supervisor | Rs. ૨૦૦/- |
| (૪) | Ladies R. | Rs. ૨૦૦/- |
| (૫) | Junior Supervisor | Rs. ૨૦૦/- |
| (૬) | Reliver | Rs. ૨૦૦/- |
| (૭) | Bell-Man | Rs. ૭૫/- |
| (૮) | Peon | Rs. ૭૫/- |
| (૯) | Sweeper | Rs. ૭૫/- |
| (૧૦) | Water Boy | Rs. ૭૫/- |
| (૧૧) | Watch Man | Rs. ૭૫/- |
| (૧૨) | Numbering | Rs. ૧.૦૦/- |
| (૧૩) | Ice-Exp. | Rs. ૦.૧૯ પૈસા |
| (૧૪) | Stationery Exp. | Rs. ૦.૨૦ પૈસા |

નોંધ : Peon-૦૩, Water Boy-૦૪, Watch Man-૦૨, રાખી શકાશે, Packing Peon અને Sr. Water Boyની જગ્યા રદ કરવામાં આવે છે.

૯. પ્રાયોગીક પરીક્ષા લેબોરેટરી સ્ટાફ (લેબ સુપરવાઈઝર/લેબ એક્ષપર્ટ) ને પણ લેબોરેટરી આસિ. મુજબ રૂ. ૨૫૦/- (સેશન દીઠ ૧૨૫/-) મહેનતાણું ચૂકવવાનું રાખવું.

Sd/-

કા. કુલસચિવ

નકલ રવાના :

(૧) કુલપતિશ્રીના અંગત મદદનીશનું કાર્યાલય ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૯.

(૨) કુલસચિવશ્રીના અંગત મદદનીશનું કાર્યાલય ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૯.

(૩) હિસાબી અધિકારીશ્રી, એકાઉન્ટ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૯.

## બાંયધરી પત્રક

ગુજરાત યુનિવર્સિટી તરફથી ........................................................................................ પરીક્ષા માટે .................................... ખર્ચ પેટે અમોને મળેલ રકમમાંથી યુનિવર્સિટીનાં પ્રવર્તમાન નિયમ મુજબ પરીક્ષા માટે જે સ્ટાફ રોકવામાં આવશે અને આ કામગીરી માટે યુનિવર્સિટી જે દર નક્કી કરેલ છે તે દરે ચૂકવવામાં આવશે. જેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રી/સીની. સુપરવાઈઝર/પરીક્ષા સંચાલનના ચેરમેનની રહેશે. ચેક મળ્યેથી તુરત જ પહોંચ A/c વિભાગને મોકલી આપવાનું રાખશો.

આચાર્યશ્રી/પરીક્ષા સંચાલકશ્રી/મેનેજમેન્ટ